મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G NEWS ગરવી તાકાત LIVE

૧૯-૦૨-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૧૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતી મહુધા પાલિકાનું શાસન હવે ભાજપના હાથમાં, પંજો ઢીલો પડ્યો : ઇતિહાસમાં પહેલીવાર ભાજપને મહુધામાં સત્તા મળી

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કમળ ખીલ્યું, કોંગ્રેસ-આપના સૂપડા સાફ

## ૬૮ નગરપાલિકા, ૧ મહાનગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયતમાં જીત

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મોટી જીત મેળવી છે. ભાજપના ખાતામાં ૬૮ નગરપાલિકા, ૧ મહાનગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયત આવી છે.

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. ગુજરાતમાં જૂનાગઢ મહાનગર પાલિકા, ગાંધીનગર તાલુકા પંચાયત, કપડવંજ તાલુકા પંચાયત અને કઠલાલ તાલુકા પંચાયત સહિત ૬૮ નગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થયું હતું અને આજે પરિણામ આવી ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ આ ચૂંટણીમાં સૌથી મોટી જીત મેળવી છે.

રાજ્યની પાલિકા અને પંચાયતની ચૂંટણીના આજે પરિણામ આવ્યા હતા. પાલિકા-પંચાયતની ચૂંટણીની મતગણતરી શરૂ થતાંની સાથે જ પાંચ હજારથી વધુ ઉમેદવારોના ભવિષ્યનો નિર્ણય થયો હતો અને ભાજપનો ભગવો શાનથી લહેરાયો હતો..

સાથે જ જૂનાગઢ મહાનગરપાલિકાનું ચૂંટણીનું પણ આજે આવ્યુ હતું.. ૬૮ નગરપાલિકાઓમાં ભાજપનું શાસન આવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૫૮ ટકા જ મતદાન થયું છે. ૨૧૩ બિનહરીફ થયેલી બેઠકો સિવાયની બેઠકોની મતગણતરી હતી.

ચૂંટણી પહેલા જ નગરપાલિકાના ભાજપની ૧૫૦ બેઠકો બિનહરીફ થઈ છે. સાથે જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપની ૯ બેઠકો બિનહરીફ થઈ છે. કોંગ્રેસની ૩ બેઠકો બિનહરીફ થઈ છે. જ્યારે બાકીની બેઠકો માટે આજે પરિણામો આવી રહ્યા છે.

### મહેસાણા જિલ્લામાં વડનગર-ખેરાલુ પાલિકામાં કમળ ખીલ્યું



### સમાજવાદી પાર્ટીએ અહીં ભાજપને હંફાવ્યા

**કુતિયાણા નગરપાલિકામાં પહેલેથી જ રસાકસીભર્યો માહોલ હતો. આ વચ્ચે સમાજવાદી પાર્ટીએ ભાજપને હરાવ્યું છે. સમાજવાદી પાર્ટીએ કુતિયાણામાં મોટો ઉલટફેર કર્યો છે. કુતિયાણા નગરપાલિકામાં ૧૬ બેઠક જીતીને સમાજવાદી પાર્ટીની સત્તા બની છે. મતગણતરીમાં મોટો ઉલટફેર થયો છે. કુલ ૨૪ બેઠકમાંથી સમાજવાદી પાર્ટીને ૧૬ બેઠક મળી છે.**

### ભાજપનો જોવા મળ્યો દબદબો

**ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મહાનગર પાલિકા સાથે કુલ ૬૨ નગરપાલિકા પર જીત મેળવી છે. ત્રણેય તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. ભાજપ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો ઉત્સાહજનક છે. જ્યારે કોંગ્રેસના ખાતામાં માત્ર એક નગરપાલિકા આવી છે. જ્યારે પાંચ નગરપાલિકામાં અન્યની જીત થઈ છે. તમે પણ જાણો કઈ પાલિકામાં કઈ પાર્ટીને જીત મળી છે.**

વડોદરામાં ભાજપે જીતની ખુશી મનાવી. ભાજપના વિજેતા ઉમેદવારોએ વિજય સરઘસ કાઢ્યું. ડીજેના તાલે ઉમેદવારો ખુલ્લી જીપમાં બેસીને નગરમાં નીકળ્યા. ભાજપ ધારાસભ્ય અક્ષય પટેલે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, કરજણની જનતાએ અમારા પર વિશ્વાસ મૂક્યો. અમે કરજણના વિકાસના કામો ચાલુ રાખીશું.



### કડી તાલુકા પંચાયતની બને બેઠક ઉપર ભાજપના ઉમેદવારનો ભવ્ય વિજય

## કડીમાં તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં કમળ અડીખમ, કોંગ્રેસ પક્ષના સૂપડા સાફ






(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

(ગરવી તાકાત) કડી તા.૧૮

રાજ્યમાં એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયું હતું. ક્યાંક ઈ.વી.એમ બગડ્યા નું ફરિયાદ તો ક્યાંક બટન નહીં દબાતું હોવાના કારણે હોબાળો મચ્યો હોવાની છૂટક-છૂટક ઘટનાઓ સામે આવી હતી, તો કેટલીક જગ્યાઓ પર ઓછું મતદાન થવાના કારણે રાજકીય પક્ષો મૂંઝવણમાં મુકાયા હતા.

આજે જ્યારે મતગણતરી થઈ રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોમાં પોતપોતાની જીતના દાવા સાથે ઉત્સાહના મૂડમાં જોવા મળ્યા હતા.

કડી મામલતદાર કચેરી ખાતે મતગણતરી શરૂ કરી નાખવામાં આવી હતી અને બને પક્ષ ના ઉમેદવારો ત્યાં વહેલી સવારથી જ ત્યાં ટોળે ટોળા ઉમટી પડયા હતા. જ્યાં મત ગણતરી શરૂ થતાં બને સીટ ઉપર ભાજપ ના ઉમેદવાર આગળ ચાલી રહ્યા હતા અને આખરે મતગણતરી ના અંતિમ ચરણો માં ભાજપ ના બને ઉમેદવારો નો ભવ્ય વિજય જોવા મળ્યો હતો.

અગોલ બેઠકના ભાજપના મુસ્લિમ મહિલા ઉમેદવાર ઝુલેખા સિપાઈ ને ૪૭૨ વોટે વિજય મળ્યો હતો. અને નાની કડી બેઠક ના ઉમેદવાર મંજુલાબેન પટેલ ૧૬૭૮ વોટે વિજય મળ્યો હતો. બને સીટ ઉપર ભાજપ નો ભવ્ય જીત મળતા ભાજપ ના કાર્યકરો માં ખુશી જોવા મળી હતી.


કડી ધારાસભ્ય ઓફિસ ખાતે ઢોલ નગારા વગાડી તથા ફટાકડા ફોડી ને જશ્ન મનાવ્યો હતો અને સાથે અગોલ ગામે વાજતે ગાજતે ભવ્ય જશ્ન મનાવવા માં આવ્યો હતો જેમાં અગોલ ગામના મોટી સંખ્યામાં લોકો જશ્ન માં જોડાઈ ને જીત ની ખુશી વ્યક્ત કરી હતી.

અગોલ ગામે મહેસાણા જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર દ્વારા દરેક મતદારો નો આભાર વ્યક્ત કર્યો હતો. અને ઉમેદવારો એ પણ પોતાના મત વિસ્તાર ના મતદારો નો આભાર વ્યકત કર્યો હતો. સાથે કડી ધારાસભ્ય કાર્યાલય ખાતે પણ ભાજપ ના કાર્યકરો જેમાં અશ્વિનભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ રાવળ, વિશાલ પ્રજાપતિ, નીરજ પટેલ, હિમાંશુભાઈ ખમાર જેવા અનેક કાર્યકરો એ ઉમેદવાર ને ફૂલ હાર પહેરાવી અને ફટાકડા ફોડી જીત નો જશ્ન મનાવ્યો હતો.

### અમિત શાહના વતન માણસામાં ભાજપનો દબદબો

## નગરપાલિકાની ચૂંટણીમાં કબજે કરી ૨૭ બેઠક, કોંગ્રેસના ખાતામાં માત્ર એક સીટ

ભાજપે સાત વોર્ડની ૨૮ બેઠકોમાંથી ૨૭ બેઠકો કબજે કરી છે




(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાતમાં યોજાયેલી ૬૮ નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામ આવી ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મનપા સાથે ૬૨ નગરપાલિકા કબજે કરી છે. જેમાં માણસા નગરપાલિકા પણ સામેલ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તાર અને વતન માણસામાં ભાજપે કોંગ્રેસનો સફાયો કર્યો છે.

અમિત શાહનું વતન માણસા છે, જ્યાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું છે. માણસા નગરપાલિકાના ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે માત્ર એક બેઠક કોંગ્રેસને મળી છે. માણસામાં વોર્ડ નંબર ૧,૨,૩,૪,૫,૬ અને સાતમાં ભાજપના તમામ સભ્યો જીત્યા છે. જ્યારે વોર્ડ નંબર ૩માં કોંગ્રેસના એક સભ્યની જીત થઈ છે. નોંધનીય છે કે ૧૯૯૫થી માણસા નગરપાલિકા પર ભાજપનું શાસન છે.

માણસામાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત બાદ પાર્ટીના કાર્યકરોએ ઉજવણી કરી હતી. અમિત શાહના વતનમાં શાનદાર જીત બાદ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ૧૬ ફેબ્રુઆરીએ ૬૪ ટકા જેટલું મતદાન થયું હતું.

### ફિઝીકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ વિભાગ દ્વારા

## સાંકળચંદ પટેલ યુનિવર્સીટીમાં SPRIT-2025 સ્પોર્ટ્સનો ઉદ્‌ઘાટન સમારોહ ભવ્ય રીતે યોજાયો





(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ વિભાગ દ્વારા આયોજિત **SPIRIT-2025** સ્પોર્ટ્સ ઈવેન્ટનો ઉદ્‌ઘાટન સમારોહ હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર યોજાયો. આ મહાસ્પર્ધામાં ૧,૬૫૧ ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે, જેમાં છાત્રો અને છાત્રાઓ માટે કુલ ૮ રમતો જેવી કે ચેસ, બેડમિન્ટન, કબડી, ક્રિકેટ, ફૂટબોલ, વોલીબોલ અને રસ્સા ખેંચ નો સમાવેશ થાય છે.

આ ગ્રાન્ડ ઈવેન્ટના મુખ્ય અતિથિ પ્રસિદ્ધ પ્રો કબડ્ડી હરિયાણા સ્ટીલર ના કબડી ખેલાડી શ્રી અશિષ ગિલ રહ્યા, જેમણે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સંદેશ આપ્યો અને ઉત્તમ પ્રદર્શન કરવા માટે ઉત્સાહિત કર્યા. સાથે જ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશ પટેલ ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓને રમતગમતના મહત્ત્વ અને ટીમ વર્ક વિશે ઉદબોધન આપ્યું. અને ખેલાડીઓનો ખૂબ ઉત્સાહ વધાર્યો સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી પણ હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા

**SPIRIT-2025** નો ઉદ્‌ઘાટન સમારોહ ખૂબ જ ઉત્સાહપૂર્ણ અને ઊર્જાસભર રહ્યો. આ રમતોના મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યેની રસપ્રવૃત્તિ વધારવો, સ્પર્ધાત્મક ભાવના વિકસાવવી અને તંદુરસ્ત જીવનશૈલી તરફ આગળ વધવા માટે પ્રેરિત કરવું છે.

આ ભવ્ય રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં રમતગમતની સમજ વધશે અને તેઓ ભવિષ્યમાં નવો ઉત્સાહ અને જિદ્દ સાથે પ્રગતિ અને નેતૃત્વ કરશે.

આ ભવ્યાથી ભવ્ય આયોજન માટે સંસ્થાના પ્રેસિડન્ટ શ્રી પ્રકાશ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી સાહેબે સ્પિરિટ ના ચેરમેન ડો. અભિજીતસિંહ જાડેજા અને આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ડો. રાકેશ પટેલ તથા સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.




# સંઘના સ્થાપનાને સો વર્ષ... ભારતના પુનઃ નિર્માણ તરફ

સર સંઘાચાલક શ્રી મોહન ભાગવતનું ફરી એકવાર પોતાના એક નિવેદનને કારણે ચર્ચામાં છે, હમણાં જ તેઓએ કોઈ સમારોહમાં પોતાના પ્રવચનમાં તેમણે ત્રણ બાળકો પેદા કરવાનું આહવાન કર્યુ અને સંતતિદર ઘટતો જાય એ સમાજ કાળક્રમે નામશેષ થઈ જાય છે એવી ચેતવણી પણ ઉચ્ચારી.

અપરિણીત મોહન ભાગવતજી આ પૂર્વ પણ વધુ બાળકો પેદા કરવા વિશે નિવેદનો કરી ચૂક્યા છે. તેની પાછળનો મૂળ હેતુ બહુમતીના અધિકારોનું રક્ષણ કરવા સંબંધિત છે. ભારતમાં હિન્દુઓ ૮૫ ટકા જેટલા છે, જે વિશ્વભરમાં કોઈ એક દેશમાં હિન્દુઓ સૌથી વધુ સંખ્યા ધરાવતો દેશ છે. આમ છતાં ભારત હિન્દુ રાષ્ટ્ર હોવાનો બદલે સત્તાવાર રીતે બિનસાંપ્રદાયિક દેશ છે. આ બાબત રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને કદી માન્ય રહી નથી. રા. સ્વ. સંઘની દલીલ એ પણ છે કે જો લઘુમતિને વિશેષ દરજજો મળવાનો હોય તો પછી જ્યાં હિન્દુઓ લઘુમતિમાં છે ત્યાં તેમને કેમ એ દરજજો ન મળે ? આ સવાલની દેશભરમાં ચર્ચા જગવવાનો પણ હેતુ છે.

મોહન ભાગવતજીએ ત્રણ બાળકો પેદા કરવાનું આહવાન કયા સંદર્ભમાં કર્યુ એ સૌ કોઈ જાણે છે પરંતુ જે ભાઈજાનના રાજનીતિમાં રોટલા જ હિન્દુ-મુસ્લિમના નામે શેકવા છે એ ઔવેસીએ આ વિધાનને હાથોહાથ પકડી લીધું. તરત જ નિવેદન પણ આપી દીધું કે જુઓ મોહન ભાગવત પણ વધારે બાળકો પેદા કરવાનું કહે છે. મોહન ભાગવતજીનું વિધાન હિન્દુઓની ઘટતી જતી વસ્તી પ્રત્યે અને કેટલાક રાજયોમાં બદલાતી જતી ડેમોગ્રાફિ પર હતું.

૧૯૨૫માં સ્થપાયેલા રા. સ્વ. સંઘ હિન્દુ રાષ્ટ્રની થિયરીને વરેલું સંગઠન છે. હિમાચલથી ગંગા-યમુનાના મેદાનો વટીને પશ્ચિમે છેક કંદહાર સુધીની ભૂમી એક સમયનું આર્યાવર્ત હતું અને એ સુવર્ણકાળ હતો. વિશ્વગુરુનો એ દરજજો ફરી પાછો મેળવવો એ બહુ મોટા સમુદાયનું પેઢીઓથી પોષાતું રહેલું એક સ્વપ્ન છે. લગભગ બે વર્ષ પહેલાં સર સંઘચાલક મોહન ભાગવતજી અખંડ ભારતનું સ્વપ્ન સાકાર કરવા આડે થોડા વર્ષો જ બાકી હોવાનું વિધાન કરી ચૂક્યા છે. હિન્દુ રાષ્ટ્રની થિયરીને આગળ વધારવા સંઘે પોતાના વિચારોને રાજકીય મોરચે લાવવાનું નક્કી કર્યુ અને થઈ જનસંઘની સંથાપના. જનસંઘથી કોઈ નોંધપાત્ર ઉદ્દેશ્ય ન મેળવી શકાયા. પરિણામે નવા સ્વરૂપ સાથે ભારતીય જનતા પાર્ટીનું અસ્તિત્વ સામે લાવ્યા. વાજડપેયીજીના સમયનું હિન્દુત્વ થોડે ઘણે અંશે સફળ થયું અને અટકી ગયું. પછી નરેન્દ્ર મોદીના વિકાસવાદી હિન્દુત્વને આગળ કરવામાં આવ્યું.જે કારગત નીવડયું. પરિણામે સંઘ પોતાનો ઉદ્દેશ્ય પૂર્ણ કરવા એજન્ડા તરફ આગળ વધી રહ્યો છે.

વર્ષ ૨૦૨૫માં સંઘની સ્થાપને સો વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે સંઘના મુખ્ય એજન્ડા પૈકીના પ્રથમ બે : કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદી અને અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ સંપૂર્ણ થઈ ગયા છે અને હવેસમાન નાગરિક ધારાનો અજન્ડા લાવવાનો છે. તે માટે વાતાવરણ બની રહ્યું છે. આ એજન્ડા તરફ ધીમા પગલે વર્તમાન સરકારના મુખિયા એ વિશે જાહેરમાં ઉલ્લેખ કરી ચૂક્યા છે.

આ એજન્ડાની સાથે સાથે મુસ્લિમોની તરફેણ કરતા અથવા તો વિશેષાધિકાર આપતા કાયદાઓ પર કાપ મૂકવો અને જે પ્રદેશોમાં હિન્દુઓ લઘુમતિમાં છે ત્યાં તેમને ધાર્મિક લઘુમતિ દરજજો અપાવવો. મોદી સરકારની પહેલી ટર્મમાં સુપ્રિમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું. અને જે રાજયોમાં હિન્દુઓની સંખ્યા ઓછી હોય ત્યાં તેમને લઘુમતિ જાહેર કરવા અંગે બંધારણીય માર્ગદર્શન માંગવામાં આવ્યું. કેન્દ્ર સરકારની આ ચેષ્ટા ભાજપના નેતા અને સુપ્રિમ કોર્ટના વકીલ ડો. અશ્વિનીકુમાર દ્વારા અદાલતમાં દાખલ કરાયેલી એક અરજીના સંદર્ભ થયેલી છે. હવે સુપ્રિમ કોર્ટે આ અંગે કેન્દ્ર સરકાર પાસે બંધારણીય અને કાનૂની તર્કો માંગ્યા છે. શું આવું શક્ય બની શકે ખરું ? સમગ્ર દેશમાં હિન્દુ બહુમતીમાં હોય ત્યારે અમૂક રાજયોમાં તેમને ધાર્મિક લઘુમતિનો દરજજો મળી શકે ખરો ?

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# રાહુલ ગાંધી આગામી ૨૦ ફેબ્રુઆરીએ બે દિવસના રાયબરેલી પ્રવાસે જશે અને વિકાસની ભેટ આપશે



લખનૌ,તા.૧૮

સાંસદ રાહુલ ગાંધીની સંભવિત મુલાકાત ૨૦ ફેબ્રુઆરીથી છે. આ માટેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ખાસ કરીને મ્યુનિસિપલ ચેરમેને શહેરના વિકાસ માટે એક એજન્ડા તૈયાર કર્યો છે જેના પર તેઓ રાહુલ ગાંધી સાથે વાત કરશે. સિટી રિસોર્સ સેન્ટર શરૂ કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. તેમજ સાંસદને આ મુદ્દો લોકસભામાં ઉઠાવવા માટે કહી શકાય. ઉપરાંત, મ્યુનિસિપલ ગર્લ્સ ઈન્ટર કોલેજ ખોલવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવશે. સાંસદ કોંગ્રેસના નબળા મુદ્દાઓ વિશે પણ પાર્ટીના અધિકારીઓ સાથે વાત કરશે અને જિલ્લાના વિકાસ કાર્યો અંગે પણ ચર્ચા કરશે.તેઓ વિકાસ કાર્યો અને અગાઉની દિશા બેઠકમાં આપવામાં આવેલી સૂચનાઓ અંગે વહીવટી અધિકારીઓ પાસેથી અહેવાલો પણ લઈ શકે છે. રાયબરેલીમાં સાંસદના આગમનની ચર્ચા સાથે, વહીવટી સ્તરે સુરક્ષાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સાંસદ તરીકે ચૂંટાયા પછી, જિલ્લાનો વિકાસ રાહુલ ગાંધીના એજન્ડામાં રહ્યો છે. આ જ કારણ છે કે ગયા વર્ષે નવેમ્બરમાં દ્રષ્ટિની બેઠકમાં તેમણે ૮૩ વિકાસ કાર્યોની તપાસ કરવાના નિર્દેશો આપ્યા હતા. દિશા મીટિંગના ત્રણ મહિના પછી તે રાયબરેલીની મુલાકાતે આવી રહ્યો છે.

આ બે દિવસીય મુલાકાત ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થવાની ધારણા છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. નગર પરિષદના પ્રમુખ શત્રુહન સોનકર કહે છે કે રાહુલ ગાંધી ૨૦ ફેબ્રુઆરીએ રાયબરેલી આવી શકે છે. સિટી રિસોર્સ સેન્ટરની ખરાબ સ્થિતિનો મુદ્દો તેમની સમક્ષ ઉઠાવવામાં આવશે. આ રિસોર્સ સેન્ટર ૧૫ વર્ષ પહેલાં ભૂતપૂર્વ સાંસદ સોનિયા ગાંધીના ભંડોળથી બનાવવામાં આવ્યું હતું, પરંતુ તે કાર્યરત થયું નથી.

રાજ્ય સરકારોએ આ તરફ ધ્યાન ન આપ્યું હોવાનો આરોપ લગાવ્યો. આ કારણે તેની હાલત ખરાબ છે. જો રિસોર્સ સેન્ટર કાર્યરત થશે તો શહેરનો ઝડપથી વિકાસ થશે. નગરપાલિકા પાસે પોતાનું મકાન પણ હશે. એવું કહેવાય છે કે નગરપાલિકાની ગર્લ્સ ઈન્ટર કોલેજનું કામ પણ ઠપ્પ છે. ૨૦૧૪ માં, તત્કાલીન સાંસદ સોનિયા ગાંધીએ તેના બાંધકામ માટે લીલી ઝંડી આપી હતી પરંતુ આ મામલો શહેરી વિકાસ મંત્રાલય પાસે અટવાયેલો છે. ગર્લ્સ ઈન્ટર કોલેજ હજુ પૂર્ણ થઈ નથી. રાહુલ ગાંધી તેમના બે દિવસના પ્રવાસ દરમિયાન સિવિલ લાઈન્સ ચોક પર બનાવવામાં આવી રહેલા સુભાષ ચોક ખાતે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાનું ઉદ્ઘાટન પણ કરી શકે છે.

# રશિયાને ઘેરવાની તૈયારીઓઃ બ્રિટન અને યુરોપના રક્ષણ માટે સૈનિકો યુક્રેન મોકલવામાં આવશે



મોસ્કો,તા.૧૮

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરે રવિવારે એક મોટી જાહેરાત કરી. રવિવારે તેમણે કહ્યું કે જો જરૂર પડે તો તેઓ બ્રિટન અને યુરોપની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યુક્રેનમાં સૈનિકો મોકલવા માટે તૈયાર છે. તેમણે ડેઈલી ટેલિગ્રાફમાં લખ્યું હતું કે બ્રિટન રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને ટેકો આપી રહ્યું છે, અને જો જરૂરી હોય તો યુક્રેનને સુરક્ષા ગેરંટી આપવા માટે તેના સૈનિકોને જમીન પર મૂકવાની જરૂર પડી શકે છે.

સ્ટાર્મરે કહ્યું કે જો બ્રિટનને યુક્રેનમાં સૈનિકો મોકલવાનો નિર્ણય લેવો પડે તો તેને હળવાશથી લેવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે તેઓ જાણતા હતા કે યુક્રેનમાં બ્રિટિશ સૈનિકો મોકલવાથી તેઓ જોખમમાં મુકાઈ શકે છે, અને તે અંગે તેઓ એક ઊંડી જવાબદારી અનુભવે છે. પરંતુ આ હોવા છતાં, તેમણે કહ્યું કે જો બ્રિટન યુક્રેનની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ભૂમિકા ભજવે છે, તો તે ફક્ત યુક્રેનની જ નહીં પરંતુ સમગ્ર યુરોપ અને બ્રિટનની સુરક્ષાને મજબૂત બનાવશે.સ્ટાર્મરે એમ પણ કહ્યું કે તેઓ સોમવારે પેરિસમાં એક મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપશે જ્યાં તેઓ યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવાના યુએસ પ્રયાસો અંગે વધતી ચિંતાઓને સંબોધશે.

આ ઉપરાંત તેમણે કહ્યું કે તેઓ ટૂંક સમયમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ મળશે. અમે યુરોપ અને અમેરિકા સાથે મળીને કામ કરવામાં બ્રિટનની ખાસ ભૂમિકા પણ સુનિશ્ચિત કરીશું.

બ્રિટિશ પીએમએ પોતાના નિવેદનમાં કહ્યું કે યુરોપિયન દેશોને ડર છે કે જો યુક્રેનને અમેરિકા દ્વારા ખરાબ સોદો સ્વીકારવા માટે દબાણ કરવામાં આવશે, તો પુતિન તેને પોતાની જીત માની શકે છે અને યુરોપને રશિયાની દયા પર છોડી શકે છે. તેમણે કહ્યું કે આપણે આપણા ખંડની સામૂહિક સુરક્ષા માટે પેઢી દર પેઢી આવતા ક્ષણનો સામનો કરી રહ્યા છીએ. આ ફક્ત યુક્રેનના ભવિષ્યનો પ્રશ્ન નથી; તે સમગ્ર યુરોપના અસ્તિત્વનો પ્રશ્ન છે.

આ ઉપરાંત, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે અમેરિકન સમર્થન મહત્વપૂર્ણ રહેશે અને સ્થાયી શાંતિ માટે અમેરિકન સુરક્ષા ગેરંટી જરૂરી છે, કારણ કે ફક્ત અમેરિકા જ પુતિનને ફરીથી હુમલો કરતા રોકી શકે છે. તમને જણાવી દઈએ કે ૨૪ ફેબ્રુઆરીએ રશિયાના યુક્રેન પર આક્રમણને ત્રણ વર્ષ થશે. તે પહેલાં, સ્ટાર્મર જર્મની, ઈટાલી, પોલેન્ડ, સ્પેન, નેધરલેન્ડ અને ડેનમાર્કના અન્ય નેતાઓ સાથે બેઠકોમાં જોડાય તેવી અપેક્ષા છે.

# આપણે કાર્યકરોની મદદથી પાયાના સ્તરે પાર્ટી સંગઠનને મજબૂત બનાવવું પડશે : માયાવતી



લખનૌ,તા.૧૮

બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતીએ કહ્યું કે કાંશીરામના શિષ્ય અને ઉત્તરાધિકારી હોવાને કારણે, હું તેમના પગલે ચાલીશ અને મારા છેલ્લા શ્વાસ સુધી દરેક બલિદાન આપીને પાર્ટી ચળવળને આગળ વધારવા માટે મારો સંઘર્ષ ચાલુ રાખીશ, જેથી બહુજન સમાજના લોકો રાજકીય ગુલામી અને સામાજિક લાચારીના જીવનમાંથી મુક્ત થઈ શકે અને પોતાના પગ પર ઉભા રહી શકે. આને આગળ વધારવા માટે, સ્વાર્થ અને સંબંધો બિનમહત્વપૂર્ણ છે. મારા માટે, લોકોનું કલ્યાણ સર્વોપરી છે. તેમના સંબંધી અશોક સિદ્ધાર્થને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા બાદ, તેમના નિવેદનનો રાજકીય અર્થ શોધવામાં આવી રહ્યો છે.

પોતાના નિવેદનમાં માયાવતીએ વધુમાં જણાવ્યું હતું કે, બસપા એક પાર્ટી છે અને તેનું આંદોલન ડૉ. આંબેડકર દ્વારા બહુજન સમાજના સ્વાભિમાન અને આત્મસન્માનના કાફલાને સત્તા સુધી પહોંચાડવા માટે શરૂ કરવામાં આવ્યું હતું અને કાંશી રામ દ્વારા બધું બલિદાન આપીને સ્થાપિત કરવામાં આવ્યું હતું. કાંશીરામની જેમ, મારા જીવનકાળ દરમિયાન પણ, કોઈપણ વ્યક્તિ પક્ષ અને ચળવળનો સાચો ઉત્તરાધિકારી ત્યારે જ બની શકે છે જો તે પણ, કાંશીરામના શિષ્યની જેમ, પોતાના છેલ્લા શ્વાસ સુધી દરેક દુઃખ અને દુઃખનો સામનો કરીને પક્ષ અને ચળવળને આગળ વધારવા માટે પૂરા હૃદય અને આત્માથી કામ કરે. તેમણે પાર્ટીના નાના-મોટા તમામ અધિકારીઓ અને કાર્યકરોને તેમના શરીર, મન અને પૈસાનો ઉપયોગ કરીને સંપૂર્ણ નિષ્ઠા, પ્રામાણિકતા અને જવાબદારી સાથે કામ કરવાની સૂચના આપી. આ જવાબદારી સાથે, આપણે કાર્યકરોની મદદથી પાયાના સ્તરે પાર્ટી સંગઠનને મજબૂત બનાવવું પડશે અને સમગ્ર સમાજમાં સમર્થન વધારવું પડશે, અને ભવિષ્યમાં દરેક ચૂંટણીની તૈયારીમાં પણ સંપૂર્ણ તાકાત સાથે કામ કરવું પડશે.

પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક આકાશ આનંદે તેમના સસરા અશોક સિદ્ધાર્થને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ મૌન જાળવી રાખ્યું છે. માયાવતીના આ નિર્ણય બાદ આકાશ આનંદના કેમ્પમાં પણ શાંતિ છે. સામાન્ય રીતે માયાવતીના દરેક નિર્ણય પર પ્રતિક્રિયા આપનારા આકાશે આ મામલે કોઈ ટિપ્પણી કરી ન હતી. રવિવારે જારી કરાયેલા માયાવતીના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે બસપામાં બધું બરાબર નથી.

દિલ્હી રેલ્વે સ્ટેશન પર થયેલા અકસ્માત અંગે, બસપા સુપ્રીમોએ કહ્યું કે પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે રેલ્વે સ્ટેશન પર એકઠી થયેલી વિશાળ ભીડ વચ્ચે રેલ્વેની ગંભીર બેદરકારીને કારણે થયેલી ભાગદોડમાં ઘણા લોકો માર્યા ગયા અને ઘાયલ થયા તે દુઃખદ છે. પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરતી વખતે, તેમણે કેન્દ્ર સરકાર પાસે ગુનેગારો સામે કાર્યવાહી કરવા અને પીડિતોને સંપૂર્ણ મદદ પૂરી પાડવાની માંગ કરી છે.

## ભારત-ઓમાન વચ્ચે વેપાર અને રોકાણમાં નવો સંકલ્પ, વિદેશ મંત્રી જયશંકર અને અલ્બુસૈદી વચ્ચે વાતચીત થઈ

મસ્કત.તા.૧૮

ભારત અને ઓમાન વચ્ચેની મિત્રતા હવે એક નવા સ્તરે પહોંચવા જઈ રહી છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે રવિવારે તેમના ઓમાનના સમકક્ષ બદર અલ-બુસૈદી સાથે વેપાર, રોકાણ અને ઉર્જા સુરક્ષામાં દ્વિપક્ષીય સહયોગ પર વ્યાપક વાટાઘાટો કરી. આ કારણે, બંને દેશો વચ્ચે ઘણા ક્ષેત્રોમાં મોટા સોદાઓ પર કરાર થવાની શક્યતા છે.

તમને જણાવી દઈએ કે વિદેશ મંત્રી એસ જયશંકર ૮મા હિંદ મહાસાગર પરિષદમાં ભાગ લેવા માટે ઓમાનની રાજધાની મસ્કત પહોંચ્યા છે. ×આજે સવારે ઓમાનના વિદેશ મંત્રી બદ્ર અલ-બુસૈદીને મળીને ખૂબ આનંદ થયો,× જયશંકરે 'એકસ' પર પોસ્ટ કર્યું. ×હું) ૮મી હિંદ મહાસાગર પરિષદનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ તેમના વ્યક્તિગત પ્રયાસોની પ્રશંસા કરું છું. અમે વેપાર, રોકાણ અને ઊર્જા પર પરસ્પર સહયોગ પર વ્યાપક ચર્ચા કરી,× તેમણે લખ્યું.તમને જણાવી દઈએ કે ભારત અને ઓમાન વચ્ચે રાજદ્વારી સંબંધોના ૭૦ વર્ષ પૂર્ણ થયા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારી આશાઓ પૂરી ના થાય તો તમે દુઃખી થશો. અંગત સંબંધોની કેટલીક બાબતમાં વિવાદ ઊભા થઈ શકે છે. ખાસ કરીને આજે એક બાબત ધ્યાનમાં લેવી કે જ્યારે પણ તમને જીવનમાં જરૂર પડે ત્યારે તમને તમારા પરિવારના સભ્યોનો ઇચ્છિત ટેકો ક્યારેય નહીં મળે.

**વૃષભઃ** આજે તમને ખુશીનો અનુભવ થશે. ઘરે અથવા કાર્યસ્થળમાં તમે વૈભવી વાતાવરણનો આનંદ માણશો. હાથમાં મોટી રકમ મેળવીને તમે સંતુષ્ટ થશો. સાંજે, તમે પરિવારના સભ્યો અને મિત્રો પ્રત્યે ઉદાર વલણ અપનાવશો.

**મિથુનઃ** આજે દરેક બાબતમાં અતિરેક ના કરો. જીવનના કડવા અનુભવોથી પાઠ શીખો. ભૂતકાળને ભૂલી જાઓ અને વર્તમાનમાં આગળ વધો. આજે તમારા કાર્યક્ષેત્રમાં અણધાર્યા પરિવર્તનની સંભાવના છે.

**કર્કઃ** આજે સ્વાસ્થ્ય પ્રત્યે વધારે સાવચેતી રાખવાની જરૂર છે. આજે અનિયમિત આહાર પર નિયંત્રણ રાખો. ધ્યાનમાં રાખો કે અતિરેક નુકસાનકારક છે. વૃશ્ચિક રાશિવાળા વ્યક્તિ તમારી સમક્ષ આકર્ષક પ્રસ્તાવ આપશે.

**સિંહઃ** આજે તમારા જીવનમાં કોઈ મહત્વપૂર્ણ પરિવર્તનની સંભાવના છે. કદાચ આને કારણે તમારે મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડશે. પરંતુ યાદ રાખો, જ્યારે અંધકાર વધે છે ત્યારે સવાર નજીક છે.

**કન્યાઃ** આજે તમે કોઈ મહત્વનો પ્રોજેક્ટ શરૂ કરવા જઇ રહ્યા છો. તેને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં એક વર્ષનો લાંબો સમય લાગી શકે છે. આ દરમિયાન, તમારે અસ્વસ્થ થવાના બદલે તમારું કાર્ય પૂર્ણ કરવામાં ધીરજ રાખવી જોઈએ.

**તુલાઃ** આજે આરોગ્ય અને નાણાકીય સંસાધનો પર ધ્યાન આપવાની જરૂર છે. અન્ય લોકોના કામ માટે વધારે સમય અને શક્તિનો વ્યય ના કરો કારણકે આવા લોકો એક પછી એક મદદ માગતા રહે છે.

**વૃશ્ચિકઃ** ભાગ્ય આજે મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિની દિશામાં આગળ વધશો. યોજનાઓ સંબંધિત પ્રસ્તાવની મંજૂરી મેળવ્યા પછી અને ચુકવણી પછી તમે વ્યવસાય કાર્યક્રમ આગળ વધારશો.

**ધનઃ** આજે શારિરીક અને માનસિક રીતે પરેશાન હોવા છતાં પણ તમે જે પણ કાર્ય હિંમતથી કરશો તેમાં સફળતા મળશે. કામ અને પરિવારમાં મુશ્કેલીઓ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં તમે પરિસ્થિતિનું નિવારણ જોશો.

**મકરઃ** આજે અંગત સંબંધો પ્રેમાળ અને સહકારભર્યા રહેશે. સારું સ્વાસ્થ્ય હોવાને કારણે તમે વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેશો. તમારા સાથી સાથે મળીને તમે તમારા સંસાધનોને એકઠા કરી શકશો.

**કુંભઃ** આજે તમને ત્રિકોણીય વ્યાપારિક ભાગીદારી અને સંબંધોથી લાભ થશે. પરંતુ વ્યક્તિગત સંબંધોના કિસ્સામાં ત્રિકોણાકાર સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

**મીનઃ** સહયોગીઓના સહયોગથી આજે તમે કોઈ મોટા પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો. આ ઉપરાંત વરિષ્ઠ વ્યક્તિની દખલથી આજે લાંબા સમયથી ચાલતા પારિવારિક વિવાદનો ઉકેલ આવશે.



## ફિલ્મી ગપશપ

સાજિદ નડિયાદવાલાના બર્થ ડે પર ચાહકોને ભેટઃ'સિકંદર'નું નવું પોસ્ટર રિલીઝ

### સલમાન ખાનનો ઇન્ટેન્સ લુક દર્શાવાયો; ફિલ્મ ઈદના અવસરે રિલીઝ થશે



સલમાન ખાન અને રશ્મિકા મંદાના અભિનિત મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સિકંદર'નું નવું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. ફિલ્મના નિર્માતા સાજિદ નડિયાદવાલાના ૫૯મા જન્મદિવસના ખાસ પ્રસંગે પોસ્ટર રિલીઝ કરીને નિર્માતાઓએ ચાહકોને ભેટ આપી છે.

સલમાન ખાને પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પોસ્ટર પણ શેર કર્યું છે. પોસ્ટરમાં સિકંદર તરીકે સલમાનનો ઈન્ટેન્સ લૂક જોવા મળે છે. પોસ્ટરની સાથે સલમાને લખ્યું છે, ઈદ પર 'સિકંદર'. નોંધનીય છે કે, આ ફિલ્મ આ વર્ષે ઈદના ખાસ અવસર પર રિલીઝ થવા જઈ રહી છે.

ફિલ્મનું પોસ્ટર નડિયાદવાલા ગ્રેન્ડસનના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી રિલીઝ કરવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે, ચાહકોને ૨૭ ફેબ્રુઆરીએ એક મોટું સરપ્રાઈઝ મળી શકે છે. એવું માની શકાય છે કે આ દિવસે ફિલ્મનું ટ્રેલર રિલીઝ થશે.

ફિલ્મ 'સિકંદર'નું ટીઝર ૨૭ ડિસેમ્બરે સલમાન ખાનના જન્મદિવસ પર રિલીઝ થવાનું હતું. જોકે, પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના નિધનને કારણે, ટીઝર રિલીઝ તારીખ મુલતવી રાખવામાં આવી હતી. ફિલ્મનું ટીઝર ૨૮ ડિસેમ્બરે રિલીઝ થયું હતું, જેને અત્યાર સુધીમાં ૬૧ મિલિયન વ્યૂઝ મળી ચૂક્યા છે.

ટીઝરમાં સલમાન ખાનનો એક્શન પેક્ડ અવતાર જોવા મળ્યો હતો. નડિયાદવાલા ગ્રેન્ડસનના યુટ્યુબ ચેનલ પર રિલીઝ થયેલા ટીઝરમાં, સિકંદરની ભૂમિકામાં જોવા મળતો સલમાન ખાન એક સાથે માસ્ક પહેરેલા ઘણા લોકોનો સામનો કરતો જોવા મળે છે. ટીઝરમાં તેમનો ડાયલોગ છે, 'સુના હૈ બહોસ સારે લોગ મેરે પિછે પડે હુએ હૈ બસ મેરે મુડને કી દૈર હૈ' આ ડાયલોગ સાથે, સલમાન ખાન સારા બેકગ્રાઉન્ડ સાઉન્ડ સાથે એક પછી એક બધાને મારી નાખે છે.'

આ ફિલ્મનું દિગ્દર્શન લોકપ્રિય દિગ્દર્શક એ.આર. મુરુગાદોસ કરી રહ્યા છે. આ પહેલા મુરુગાદોસે 'ગજની', 'હોલિડે' અને 'અકીરા' જેવી હિન્દી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. આ ફિલ્મ સાજિદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મનો સ્ટ્રીમિંગ પાર્ટનર નેટફ્લિક્સ છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, આ ફિલ્મ ૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે.

# અમેરિકામાં ભારે ઠંડી વચ્ચે નવ લોકોના મોત, ભારે વરસાદને કારણે નદીઓમાં પૂર આવ્યું



લુઈસવિલે,તા.૧૮

અમેરિકામાં ભીષણ ઠંડીને કારણે ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે. માર્યા ગયેલા આઠ લોકો કેન્ટુકીના હતા અને ભારે વરસાદને કારણે નદીઓ છલકાઈ ગઈ હતી અને રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું.

કેન્ટુકીના ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું હતું કે પૂરમાં ફસાયેલા સેંકડો લોકોને બહાર કાઢવાની જરૂર છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાજ્ય માટે આપત્તિ જાહેર કરી છે, જેના કારણે ફેડરલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીને રાજ્યભરમાં રાહત પ્રયાસો શરૂ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

બેશિયરે જણાવ્યું હતું કે ઘણા મૃત્યુ કાર પાણીમાં ફસાઈ જવાથી થયા હતા, જેમાં એક માતા અને તેના ૭ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું, 'તો મિત્રો, હવે રસ્તા પર ન આવો અને સુરક્ષિત રહો.' આ શોધ અને બચાવનો તબક્કો છે અને મને બધા કેન્ટુકિયનો પર ખૂબ ગર્વ છે જેઓ આમ કરવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

બેશિયરે જણાવ્યું હતું કે શનિવારથી વાવાઝોડું શરૂ થયું ત્યારથી રાજ્યભરમાં લગભગ ૧,૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે વાવાઝોડાને કારણે લગભગ ૩૯,૦૦૦ ઘરો વીજળી વગરના થઈ ગયા હતા. તેમણે ચેતવણી આપી હતી કે ભારે પવનને કારણે કેટલાક વિસ્તારોમાં વીજળી કાપ વધી શકે છે.

હવામાનશાસ્ત્રીઓના મતે, કેન્ટુકી અને ટેનેસીમાં વરસાદને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. રાષ્ટ્રીય હવામાન સેવાના વરિષ્ઠ આગાહીકર્તા બોબ ઓરાવેકે જણાવ્યું હતું કે કેન્ટુકી અને ટેનેસીના કેટલાક ભાગોમાં ૬ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. ઓરાવેકે કહ્યું કે અસર થોડા સમય માટે ચાલુ રહેશે. ઘણી નદીઓ છલકાઈ રહી છે અને પૂર આવી રહ્યું છે.

શનિવારે બપોરે, ટેનેસીના રિવાસના નાના સમુદાયમાં એક બંધ તૂટી ગયો, જેના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા. લોકોને બચાવવા માટે ફાયર અધિકારીઓને બચાવ કામગીરીમાં જોડાવું પડ્યું. ડેમ તૂટવાના થોડા કલાકો પહેલા જ રાષ્ટ્રીય હવામાન સેવાએ અચાનક પૂરની ચેતવણી જારી કરી હતી. રવિવારે વહેલી સવારે એટલાન્ટામાં એક મોટું ઝાડ એક ઘર પર પડ્યું, જેમાં એક વ્યક્તિનું મોત થયું. દરમિયાન, કેન્ટુકીમાં કાર અને ઈમારતો પાણીમાં ડૂબી ગઈ, અને વર્જિનિયામાં ભૂસ્ખલનના કારણે રસ્તાઓ બ્લોક થઈ ગયા. ટેનેસી અને અરકાનસાસની સાથે બંને રાજ્યોમાં પૂરની ચેતવણી જારી કરવામાં આવી હતી.

# મધ્યપ્રદેશની એક્સાઇઝ પોલિસીમાં મોટો ફેરફાર : ૧ એપ્રિલથી નવા બીયર બાર ખુલશે, ૧૯ શહેરોમાં દારૂની દુકાનો બંધ રહેશે

ભોપાલ,તા.૧૮

મધ્યપ્રદેશમાં ૧ એપ્રિલથી નવી એક્સાઇઝ નીતિ લાગુ કરવામાં આવશે.જાહેર કરાયેલી નવી આબકારી નીતિ હેઠળ મધ્યપ્રદેશમાં પહેલીવાર ×ઓછી આલ્કોહોલિક પીણાના બાર× ખુલશે, જ્યારે ૧૭ પવિત્ર શહેરો સહિત ૧૯ સ્થળોએ દારૂનું વેચાણ બંધ કરવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ નવા બાર ફક્ત બીયર, વાઈન અને રેડી-ટુ-ડ્રિંક આલ્કોહોલિક પીણાં પીરસવાની મંજૂરી આપશે જેમાં મહત્તમ ૧૦ ટકા (વોલ્યુમ પર વોલ્યુમ) આલ્કોહોલ હશે.

સરકારી પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે આવા બારમાં દારૂના સેવન પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે. હાલમાં, મધ્યપ્રદેશમાં ૪૬૦ થી ૪૭૦ દારૂ-કમ-બિયર બાર છે. આબકારી વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ નવા આઉટલેટ્સ સાથે, બારની કુલ સંખ્યામાં ઝડપથી વધારો થશે.

એક સરકારી નિવેદનમાં જણાવાયું છે કે ૧ એપ્રિલથી ૧૭ પવિત્ર શહેરો સહિત ૧૯ સ્થળોએ દારૂના વેચાણ પર પ્રતિબંધના ભાગ રૂપે કુલ ૪૭ મિશ્ર દારૂની દુકાનો બંધ કરવામાં આવશે. મિશ્ર દુકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને દેશી દારૂની દુકાન હોય છે. કેટલાક પવિત્ર નગરો જ્યાં દારૂના વેચાણ પર પ્રતિબંધ લાગુ થશે તેમાં ઉજ્જૈન, ઓમકારેશ્વર, મહેશ્વર, મંડલેશ્વર, ઓરછા, મૈહર, ચિત્રકૂટ, દતિયા, અમરકંટક અને સલકનપુરનો સમાવેશ થાય છે. નવી આબકારી નીતિને મંજૂરી મળ્યા બાદ, ૨૩ જાન્યુઆરીએ, સીએમ મોહન યાદવે દારૂના વેચાણ પર પ્રતિબંધની જાહેરાત કરી હતી. આ પગલાથી



રાજ્ય સરકારને એક્સાઇઝ આવકમાં લગભગ ૪૫૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જે વિસ્તારોમાં દારૂનું વેચાણ બંધ કરવામાં આવી રહ્યું છે, ત્યાં બહારથી દારૂ લાવીને વ્યક્તિગત રીતે તેનું સેવન કરવા બદલ કોઈ દંડ થશે નહીં, કારણ કે મધ્યપ્રદેશમાં દારૂ પ્રતિબંધ કાયદો અમલમાં નથી. મધ્યપ્રદેશમાં બિહાર દારૂબંધી અધિનિયમ, ૨૦૧૬ જેવો કાયદો બનાવવાની જરૂર છે જેથી દુકાનો બંધ થવાની હોય ત્યાં દારૂ લઈ જવા અને પીવા પર પ્રતિબંધ મૂકવામાં આવે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બિહાર ઉપરાંત ગુજરાતમાં પણ દારૂબંધી કાયદો છે, જ્યારે મધ્યપ્રદેશમાં ફક્ત એક્સાઇઝ એક્ટ લાગુ પડે છે. ×સંપૂર્ણ કાનૂની દૃષ્ટિકોણથી, તે દારૂના વેચાણ અને બાર વગેરેમાં લોકો દારૂ પીતા હોય તેવા સ્થળો પર પ્રતિબંધ મૂકે છે. કોઈ વ્યક્તિગત પ્રતિબંધ નથી. લોકો સામૂહિક રીતે નહીં, પણ વ્યક્તિગત રીતે દારૂ રાખી શકે છે અને તેનું સેવન કરી શકે છે,× એક અધિકારીએ જણાવ્યું.

આગામી નાણાકીય વર્ષ માટે નવી આબકારી નીતિ હેઠળ દારૂની દુકાનો માટે નવીકરણ ફીમાં ૨૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, એમ એક સરકારી નિવેદનમાં જણાવાયું છે. જોકે, હેરિટેજ દારૂ અને વાઈન ઉત્પાદન નીતિ યથાવત રહેશે. હેરિટેજ દારૂ ઉત્પાદકોને મૂલ્યવર્ધિત કરમાંથી મુક્તિ આપવામાં આવશે. રાજ્યની દ્રાક્ષ પ્રક્રિયા નીતિ હેઠળ, ખેડૂતોની આવક વધારવા માટે ફળ પ્રક્રિયા અને બાગાયતી વિસ્તરણને પ્રોત્સાહન આપવામાં આવશે. દ્રાક્ષ અને બેરી ઉપરાંત, મધ્યપ્રદેશમાં ઉત્પાદિત અને સંગ્રહિત અન્ય ફળો અને મધમાંથી વાઈન ઉત્પાદનને મંજૂરી આપવામાં આવશે. રાજ્યમાં વાઈન ઉત્પાદન એકમોને તેમના પરિસરમાં છૂટક દુકાનો ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. વાઈનરી પરિસરમાં પ્રવાસીઓ માટે વાઈન ટેવર્નની મંજૂરી આપવામાં આવશે.

આગામી નાણાકીય વર્ષથી વિદેશી દારૂ બોટલિંગ એકમોને ખાસ દારૂનું ઉત્પાદન, સંગ્રહ, નિકાસ, આયાત અને વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવશે. એક અંદાજ મુજબ, મધ્યપ્રદેશમાં ૩,૬૦૦ મિશ્ર દારૂની દુકાનો આ નાણાકીય વર્ષમાં આશરે રૂ. ૧૫,૨૦૦ કરોડની આવક લાવશે.

# કેજરીવાલ કોંગ્રેસ સાથે ગઠબંધનમાં ચૂંટણી લડવાના પક્ષમાં હતા, કોંગ્રેસની જીદને કારણે તે શક્ય બન્યું નહીં

મુંબઈ,તા.૧૮

શું અરવિંદ કેજરીવાલ કોંગ્રેસ સાથે ગઠબંધનમાં હરિયાણા અને દિલ્હી વિધાનસભા ચૂંટણી લડવા માંગતા હતા? પણ આ આખો મામલો કેવી રીતે ખોટો પડ્યો? આ વાત સંજય રાઉતે સામનામાં લખેલા તેમના લેખમાં જણાવી છે. તેમણે દિલ્હીમાં આદિત્ય ઠાકરે અને અરવિંદ કેજરીવાલ વચ્ચે થયેલી મુલાકાતમાં થયેલી વાતચીતની માહિતી જાહેર કરી છે. આ મુજબ, હરિયાણા વિધાનસભા ચૂંટણી દરમિયાન કેજરીવાલે કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો પરંતુ કોંગ્રેસની જીદને કારણે



તે શક્ય બન્યું નહીં. આદિત્ય ઠાકરે સાથેની વાતચીતમાં અરવિંદ કેજરીવાલે આપેલી માહિતી કોંગ્રેસની ગઠબંધન સંબંધિત નીતિઓનો પર્દાફાશ કરે છે. કેજરીવાલે આદિત્ય ઠાકરેને ફિરોઝશાહ રોડ પરના તેમના નિવાસસ્થાને મળ્યા. દિલ્હી અને હરિયાણા અંગે અરવિંદ કેજરીવાલે પોતે આપેલી માહિતી કોંગ્રેસની ગઠબંધન સંબંધિત નીતિઓનો પર્દાફાશ કરે છે. કેજરીવાલે આદિત્ય ઠાકરેને ફિરોઝશાહ રોડ પરના તેમના નિવાસસ્થાને મળ્યા. આ વાતચીતમાં, જ્યારે કેજરીવાલને પૂછવામાં આવ્યું કે 'કોંગ્રેસ સાથે ગઠબંધન થયું હોત તો સારું થાત. એવો આરોપ છે કે કેજરીવાલે ગઠબંધન થવા દીધું નહીં. આના પર કેજરીવાલે કહ્યું, ×ના, હું કોંગ્રેસ સાથે ગઠબંધનમાં ચૂંટણી લડવાના પક્ષમાં હતો.'

કેજરીવાલે કારણ આપતા કહ્યું. 'જ્યારે હું જેલમાં હતો ત્યારે હરિયાણામાં ચૂંટણીઓ યોજાઈ હતી. રાઘવ ચઢ્ઢા હરિયાણાનું કામ જોઈ રહ્યા હતા. તે મને જેલમાં મળવા આવ્યો હતો. મેં તેમને કહ્યું, આપણે કોંગ્રેસ સાથે ગઠબંધન કરવું પડશે. તમે સીટ વહેંચણી નક્કી કરો.' કેજરીવાલે આગળ કહ્યું, 'કોંગ્રેસે અમારી પાસે યાદી માંગી હતી. અમે ૧૪ મતવિસ્તારોની યાદી આપી. રાહુલ ગાંધીએ કહ્યું, અમે AAP ને છ બેઠકો આપીશું. મેં રાઘવને કહ્યું, કોઈ વાંધો નહીં, છ સીટ લે. અમે બે ડગલાં પાછળ હટ્યા. રાહુલ ગાંધીએ કહ્યું, કે. સી. વેણુગોપાલને મળો. તે ફાઈનલમાં પહોંચશે.'

આ પછી, કેજરીવાલે આગળ કહ્યું, 'રાઘવ ચઢ્ઢા કે.સી. વેણુગોપાલને મળ્યા. તેમણે કહ્યું, છ બેઠકો શક્ય નથી. અમે ચાર બેઠકો આપીશું. તમે અમારા હરિયાણાના પ્રભારી બાવરિયાને મળો. ચઢ્ઢા મને જેલમાં મળવા આવ્યા. મેં કહ્યું, ઠીક છે. ચાર બેઠકો લો. ચઢ્ઢા બાવરિયાને મળવા ગયા, પછી તેમણે ચારની ઓફર પણ નકારી કાઢી. તેમણે કહ્યું, અમે તમને ફક્ત બે બેઠકો આપીશું. પછી મેં ચઢ્ઢાને સંદેશ મોકલ્યો. ઠીક છે. બે બેઠકો લો. રાહુલ ગાંધી બોસ છે અને તેમના વચન છતાં, અમને છ બેઠકો મળી નહીં. ચારમાંથી અમે બે બેઠકો પર આવી ગયા. તે બે બેઠકો માટે, રાઘવ ચઢ્ઢા આખરે ભૂપેન્દ્ર હુડ્ડા સાથે મળ્યા. પછી તેમણે અમને ભાજપના ગઢ વિસ્તારમાં બે બેઠકો ઓફર કરી. આ 'ગઠબંધન' ધર્મનું કોંગ્રેસનું અર્થઘટન છે. આપણે શું કરીશું? હરિયાણામાં આવું થયું. દિલ્હીમાં પણ કંઈ અલગ થયું નહીં. તેઓ ભાજપને હરાવવા માંગતા ન હતા. તેઓ મોદી વિરોધી કેજરીવાલને હરાવવા માંગતા હતા. આ બધું કહેતી વખતે, કેજરીવાલનો વ્યથા તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

# જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે



યશપાલસિંહ ટી. વાઘેલા

દરબાર ગઢ થરા

ચૂંટણીઓના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે ત્યારે હવે દિલ્હીના મુખ્યમંત્રી અને પાલિકાઓમાં ભગવા કરણમાં પ્રમુખ કોણ બને છે તેની સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ તરફ પણ નજર છે.મહાશિવરાત્રિ એ મહા કુંભનું શાહી સ્નાન પૂરું થશે. તો આજે આપણે ભગવદ્ ગીતાજ્ઞાનમાં જોઈએ તો પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો,હું એકનો અનેક થાઉં, પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ,મહત્તત્ત્વમાં થી અહંકાર. અહંકારના ચાર પ્રકાર છે. પંચતન્માત્રાથી પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થઈ પણએ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી એટલે ઈશ્વરે એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો. ઉપનિષધમાં કહ્યું છે,એક-એક વસ્તુમાં પ્રભુએ પ્રવેશ કર્યો છે એટલે જગત પરમાત્માનું મંગલમય સ્વરૂપ છે.

ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું.તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા બ્રહ્માજીએ કમળનું મુપ શોધવા પ્રયત્ન કર્યો.ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.

સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી,તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે. મન શદ્ધિ વગર ઈશ્વર દર્શન થતું નથી. ઈશ્વરદર્શન વિના જીવન સફળ થતું નથી. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી.

પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં.તે વખતે ધરતી રસા તળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યુ કે પ્રજાનું નિર્માણ કરીશ, પણ પ્રજાને રાખીશ ક્યાં? ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢે છે.રસ્તામાંહિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજને અર્પણકરી ભગવાન સ્વધામમાં પધાર્યા.

વિદુરજીએ કહ્યું,આપે બહુ સંક્ષેપ માં કથા સંભળાવી.હવે આ કથા નું રહસ્ય કહો.આ હિરણ્યાક્ષ કોણ હતો? ધરતી રસાતળમાં કેમ ડૂબી હતી?વરાહ નારાયણનું ચરિત્ર મને સંભળાવો. મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિત ને આ કથા સંભળાવે છે.

કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહે છે,દેવી,આ સાયંકાળ નો સમય છે. મન સંયમમાં રાખો.

શાસ્ત્રમાં કહ્યું છે કે, સૌભાગ્યવતી સ્ત્રીમાં લક્ષ્મીનો અંશછે,સાયંકાળે લક્ષ્મી નારાયણ ઘરે આવેછે તે વખતે ઘર બંધ હશેતોલક્ષ્મીજી પણ જય શ્રીકૃષ્ણ કહીને ચાલ્યા જશે.સુધરેલા લોકો સાયંકાળે ઘરને તાળું મારી નીકળી પડે છે. ફરવા જવું હોય તો જજો પણ સૂર્યઅસ્તમાં આવે ત્યારે ઘરે પાછા આવી જજો. સ્ત્રીઓએ સાંજ પડે ત્યારે ઘર બહાર ભટકવા જવું ન જોઈએ. સંધ્યા સમયે તુલસીની પૂજા કરો. તુલસી ક્યારે દીવો કરો ભગવાનની આગળ ધૂપ-દીપ કરો. મનુષ્યના હૈયામાં અંધારું છે ત્યાં પ્રકાશ કરવાનો છે. ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છે. કનૈયો અમારું માખણ ખાઈ જાય છે.યશોદા કહે તમે અંધારામાં માખણ રાખો તો કનૈયો દેખે નહીં.ગોપીઓ કહે, અમે અંધારામાં માખણ રાખ્યું હતું,પણ કનૈયો આવે તો અજવાળું થાય છે.ઈશ્વર પર પ્રકાશ નથી,તે સ્વયં પ્રકાશ છે. પરમાત્માને દીવાની જરૂર નથી. દીવાની જરૂર મનુષ્યને છે. સાયંકાળે સૂર્ય-ચંદ્રના તેજ દુર્બળ બનેછે.સૂર્ય બુદ્ધિના માલિક અને ચંદ્ર મનના માલિક છે.મન બુદ્ધિના માલિક દુર્બળ હોય છેએટલે સાંય કાળે



મન બુદ્ધિનાં બળ ઓછાં હોય છે, ત્યારે કામ મન બુદ્ધિમાં પ્રવેશ કરે છે. માટે સંધ્યા કાળે પ્રભુના નામનો જપ કરો. કશ્યપઋષિ દિતિને સમજાવે છે. આ શરીર ભસ્મ જેવું છે,તેની ભસ્મ બનવાની છે,એટલે શિવજી ભસ્મ ધારણ કરે છે,જગતને વૈરાગ્યનો બોધ કરે છે.આ શરીર એક દિવસ સ્મશાનમાં.જવાનું છે તે હંમેશ યાદ રાખો. ગૃહસ્થાશ્રમ વિલાસ માટે નથી,વૈરાગ્ય માટે છે. નિયમ અને કામનો વિનાશ કરવો તે ગૃહસ્થાશ્રમ છે. કામ એવો દુષ્ટ છે કે, એકવાર હૃદયમાં પ્રવેશ કર્યા પછી તે નીકળતો નથી. કામ એક વખત અંદર પ્રવેશ કરી જાય પછી તમારું ડહાપણ ચાલશે નહીં. માટે જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે.

એક વાર ઘુવડોની સભા ભરાઈ. સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે, સૂર્યનારાયણ છે જ નહીં કારણ તે અમને દેખાતા નથી. ઘુવડને સૂર્ય ન દેખાય એટલે શું સૂર્ય નથી? ધર્મ અને ઈશ્વરને ન માનનાર ઘુવડના મોટાભાઈ કહેવાય .

દિતિને કશ્યપે કહ્યું,તમારા પેટે બે રાક્ષસો જન્મશે.

પતિ-પત્ની સંયમ ન રાખે તો તેને ત્યાં પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. પવિત્ર દિવસ જેવા કે દરેક પક્ષની બીજ,પાંચમ,આઠમ,એકાદશી, ચૌદસ, પૂર્ણિમા અને અમાવાસ્યા તેમજ પર્વના દિવસોએ બ્રહ્મચર્ય અવશ્ય પાળો. લોકો કહે છે કે કાળ બગડયો છે એટલે પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. કાળ થોડો બગડયો છે, પણ કાળજું વિશેષ બગડયું છે. મનુષ્ય જો કેવળ આ શરીરનો વિચાર કરે તો શરીરસુખ તરફ ધિક્કાર છૂટે અને વૈરાગ્ય આવે. આ શરીર કેવું છે? એમાં આડાંઅવળાં હાડકાં ગોઠવી દીધેલાં છે. તેના ઉપર માંસના લોચા અને ઉપર ચામડી મઢી દીધેલી છે.એટલે અંદરનો મસાલો દેખાતો નથી. રસ્તામાં હાડકાંનો ટુકડો પડયો હોય તો કોઈ તેને અડકતું નથી,પણ આ દેહમાં રહેલાં હાડકાં સાથે આપણે પ્રેમ કરીએ છીએ. આના જેવી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે?ભાગવતમાં તો એક જગ્યા એ કહ્યું છે,આ શરીરએ શિયાળ-કૂતરાનું ભોજન છે.અગ્નિસંસ્કાર ન થાય તો શિયાળ કૂતરા તેને ખાય છે એવા શરીર ઉપરનો મોહ છોડો.મારા પેટે રાક્ષસો અવતરશે તેમ જાણી દિતિ ગભરાઈ.પછી કશ્યપ કહેછે પરંતુ તેને મારવા નારાયણ ભગવાન આવશે અને તારા પુત્ર નો પુત્ર મહાનભાગવત્ ભક્ત થશે મહાન વૈષ્ણવ થશે, તે પ્રહલાદના નામથી પ્રખ્યાત થશે.

એકલા ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે સાધારણ વૈષ્ણવ,પરંતુ જેના સંગથી બીજાને ઈશ્વર સેવા સ્મરણ કરવાની ઈચ્છા થાય એ મહાન વૈષ્ણવ.મહાપ્રભુ વલ્લભાચાર્યજી ને ભક્તોએ એકવાર પૂછ્યું કે,અમને વૈષ્ણવો નું લક્ષણ કહો. મહાપ્રભુજીએ કહ્યું કે,ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે વૈષ્ણવ. ભક્તોએ કહ્યું,તે તો અમે જાણીએ છીએ. અમને કાંઈક બીજું વિશેષ લક્ષણ કહો. મહા પ્રભુજીએ કહ્યું કે,જેના સંગમાં આવેલાને ઠાકોરજીની સેવામાં પ્રેમ થાય,જેના સંગમાં આવેલાને શ્રી કૃષ્ણ ભક્તિનો રંગ લાગે એ મહાન વૈષ્ણવ. પ્રહલાદ એવો મહાન વૈષ્ણવ છે. પ્રહલાદના સંગમાં આવેલાને ભક્તિનો રંગ લાગતો.તમારા સંગ માં આવેલાને ભક્તિનો રંગ ન લાગે તો માનજો કે,મારી ભક્તિ કાચી.પણ બીજાને સુધારવાની ભાંજગડમાં સાધારણ મનુષ્યે પડવાની જરૂર નથી.તમે તમારા મનને સુધારો તો પણ ઘણું છે.

આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહાવ્યય થાય છે.વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી.વૈષ્ણવ તો તે છે કે,જેને કોઈ વ્યસન નથી. જેને ભગવાનનું ભજન કરવું છે તેને લૌકિક વ્યસન રાખવું પાલવે નહીં. જેને ઈશ્વરનું આરાધન કરવું છે તે ફેશનમાં કે વ્યસનમાં ફસાય નહીં.વ્યસન એકજ હોવું જોઈએ શ્રીકૃષ્ણભક્તિ વ્યસનરૂપ બને છે ત્યારે મુક્તિ મળે છે.

તુકારામ મહારાજને ભક્તિનું એવું વ્યસન હતું.તેઓએ કહ્યું છે,મારી આંખને આવી ટેવ પડી છે કે,જ્યાં નજર જાય ત્યાં તેને મુરલી મનોહરનું સ્વરૂપ દેખાય છે.

રાજ્યાશાસનથી સમાજ સુધરે નહીં.સંત સદભાવથી સમાજને સુધારી શકે છે. દિતિને ગર્ભ રહ્યો છે. બ્રહ્માજી દેવો દિતિના પેટમાં કોણ છે તેની કથા સંભળાવે છે.

અંતઃકરણ ચતુષ્ટય શુદ્ધ થાય ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. ઈશ્વરદર્શન કરવા જાવ ત્યારે આ ચારેયને શુદ્ધ કરીને જાવ. અંતઃ કરણના ચાર પ્રકાર છે. અંતઃકરણ સંકલ્પવિકલ્પ કરે ત્યારે એને મન કહે છે.કોઈ વિષય નો નિર્ણય કરે ત્યારે તેને બુદ્ધિ કહે છે, શ્રીકૃષ્ણનું ચિંતન કરે તેને ચિત કહે છે અને અંતઃકરણમાં ક્રિયાનું અભિમાન જાગે ત્યારે તેને અહંકાર કહે છે. મન, બુદ્ધિ, ચિત અહંકાર ચારેયને શુદ્ધ કરો.એ ચારેયને શુદ્ધ કર્યા વગર પરમાત્મા નાં દર્શન થતાં નથી આ ચારની શુદ્ધિ બ્રહ્મચર્ય વગર થતી નથી. સનતકુમારો બ્રહ્મચર્યનો અવતાર છે.

મહા મહિનો વિદાય લેવાની તૈયારીમાં છે અને ફાગણ આયો રે..વસંતી વાયરાને ફાગણી વાતાવરણ માનવીના હદય મનમાં અનોખી તાજગી ભરે છે.

છેલ્લે જોઈએ તો એક રાજા હતો જેને માત્ર એક પગ અને એક આંખ હતી.તે રાજ્યના દરેકલોકો ખુશ હતા કારણ કે રાજા ખૂબ જ બુદ્ધિશાળી અને જાજરમાન હતો

એક વખત રાજાના મનમાં વિચાર આવ્યો કે શા માટે પોતાનું પોટ્રેટ ન બનાવવું.આગળ શું થયું, દેશ-વિદેશમાંથી ચિત્રકારો બોલાવાયા અને એક પછી એક મહાન ચિત્ર કારો રાજાના દરબારમાં આવ્યા.

રાજાએ હાથ જોડીને બધાને વિનંતી કરી કે તેઓ તેમનું એક સુંદર ચિત્ર બનાવે જે મહેલમાં પ્રદર્શિત કરવામાં આવશે.બધા ચિત્રકારો વિચારવા લાગ્યા કે રાજા તો પહેલેથી જ અશક્ત છે, તો પછી તેનું ચિત્ર કેવી રીતે સુંદર બનાવી શકાય?આ શક્ય નથી અને જો ચિત્ર સુંદર ન હોય તો રાજા ગુસ્સે થઈને સજા કરશે.

આ વિચારીને બધા ચિત્રકારોએ રાજાનું ચિત્ર દોરવાની ના પાડી. ત્યારે પાછળથી એક ચિત્રકારે હાથ ઊંચો કરીને કહ્યું કે હું તમારું એક ખૂબ જ સુંદર ચિત્ર બનાવીશ જે તમને ચોક્કસ ગમશે.પછી ચિત્રકારે ઝડપથી રાજાની પરવાનગી મેળવી અને ચિત્ર દોરવાનું શરૂ કર્યું.લાંબા સમયપછી તેણે એક ચિત્ર તૈયાર કર્યું,જે જોઈને રાજા ખૂબ ખુશ થયા અને બધા ચિત્રકારોએ તેમની આંગળી ઓ કરડી.

ચિત્રકારે એક ચિત્ર બનાવ્યું જેમાં રાજા જમીન પર એક પગવાળીને બેઠો છે અને એક આંખ બંધ કરીને તે પોતાના શિકારને નિશાન બનાવી રહ્યો છે.

રાજાની નબળાઈઓને છુપાવીને ચિત્રકારે કેટલી ચતુરાઈથી સુંદર ચિત્ર બનાવ્યું છે તે જોઈને રાજા ઘણો ખુશ થયો.

રાજાએ તેને પુષ્કળ ઈનામો અને સંપત્તિ આપી.તો શા માટે આપણે પણ બીજાની ખામીઓ છુપાવીએ તેની અવગણના કરીએ અનેસારા પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

આજકાલ એવું જોવા મળે છે કે લોકો એકબીજામાં ખૂબ જ ઝડપ થી ખામીઓ શોધી કાઢે છે, ભલે આપણામાં ગમે તેટલા ખરાબ ગુણો હોય,આપણે હંમેશા બીજા ના ખરાબ ગુણો પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ કે આ વ્યક્તિ આવી છે,તે વ્યક્તિ આવી છે.આપણે નકારાત્મક પરિસ્થિતિ ઓમાં પણ સકારાત્મક વિચારવું જોઈએ અને આપણી સકારાત્મક વિચાર સરણી આપણી બધી સમસ્યા ઓનું નિરાકરણ લાવે છે.

વાચક ચાહક મિત્રો, આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં સતત ચિંતન મનન થકી જીવન જીવવાની કળા શીખી રહયા છે. ચૂંટણીનો માહોલ પૂરો થયો લોકો ના વિકાસના પરિણામો જાહેર થતાં સર્વત્ર આનંદ છવાઈ ગયો છેત્ યારે બસ અહીં અટકીએ અસ્તુ.

## સાબરકાંઠા જિલ્લાની ત્રણ નગરપાલિકામાં શાનથી ભગવો લહેરાયો

# પ્રાંતિજ, તલોદ અને ખેડબ્રહ્મામાં ભાજપાનો દબદબો યથાવત્; એકતરફી વિજયથી કાર્યકરોમાં જીતનો જશ્ન







(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૮

સાબરકાંઠાની ત્રણેય નગરપાલિકાની ગત ૧૬ ફેબ્રુઆરીએ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની આજે (૧૮ ફેબ્રુઆરી) મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ, તલોદ અને ખેડબ્રહ્મા નગરપાલિકાનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. સાબરકાંઠાની ત્રણેય નગરપાલિકામાં ભગવો લહેરાતાં કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ખેડબ્રહ્મા ૬૭.૮૮, તલોદમાં ૭૩ અને પ્રાંતિજમાં ૬૯.૭ ટકા મતદાન થયું હતું. જેનું આજે ફાઈનલ રિઝલ્ટ આવી ગયું છે.

પ્રાંતિજ નગરપાલિકા પર ભાજપનો દબદબો યથાવત્ રહ્યો છે અને ભાજપે એકતરફી વિજય હાંસલ કર્યો છે. પ્રાંતિજ નગરપાલિકામાં કુલ ૬ વોર્ડની ૨૪ બેઠકમાંથી ભાજપની ૧૯, કોંગ્રેસની બે અને અપક્ષની ત્રણ બેઠક વિજેતા રહી હતી.તલોદ નગરપાલિકામાં કુલ ૬ વોર્ડની ૨૪ બેઠકમાંથી ભાજપની ૨૨, કોંગ્રેસની એક અને અપક્ષની એક બેઠક વિજેતા રહી હતી. ઉલ્લેખનીય છે કે, તલોદમાં સૌથી વધુ ૭૩ ટકા મતદાન થયું હતું.

ખેડબ્રહ્મા નગરપાલિકામાં કુલ ૭વોર્ડની ૨૮ બેઠકમાંથી ભાજપની ૧૭ અને કોંગ્રેસની ૧૧ બેઠક વિજેતા રહી હતી. ઉલ્લેખનીય છે કે,ખેડબ્રહ્મામાં ૬૭.૮૮ ટકા મતદાન થયું હતું.

## ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થના સેવન કરવાના પ્રમાણમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે

# ગુજરાતમાં એક વર્ષમાં ૧૮૦૦૦થી વધુએ નશામુક્તિ કેન્દ્રમાં સારવાર લીધી, એક વર્ષમાં ૭ ગણા વધ્યાં

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થના સેવન કરવાના પ્રમાણમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. તે દર્શાવતો વધુ એક પુરાવો સામે આવ્યો છે. ગુજરાતમાંથી એક વર્ષમાં ૧૮,૭૧૬ વ્યક્તિને નશામુક્તિ કેન્દ્રમાં ટ્રીટમેન્ટ લેવાની જરૂર પડી હતી. વધુ ચોંકાવનારી વાત એ પણ છે કે, નશામુક્તિ કેન્દ્રમાં ટ્રીટમેન્ટ લેનારાનું પ્રમાણ એક વર્ષમાં સાત ગણુંથી વધુ વધી ગયું છે.

ગુજરાતમાં ઈન્ટગ્રેટેડ રિહેબ સેન્ટર ફોર એડિક્ટસના ૭, આઉટરીચ એન્ડ ડ્રોપ ઈન સેન્ટર્સ-કમિટી બેઝ્ડ પીઅર લેડ ઈન્ટરવેશન-ડિસ્ટ્રિક્ટ ડી એડિક્શન સેન્ટર્સના ૩-૩, સ્ટેટ લેવલ કોઓર્ડિનેટિંગ એજન્સીના ૧ જ્યારે એડિક્શન ટ્રીટમેન્ટ ફેસિલિટીના ૫ એમ કુલ ૨૨ નશામુક્તિ કેન્દ્ર આવેલા છે. સમગ્ર દેશમાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ હેઠળના કુલ ૭૪૦ નશામુક્તિ કેન્દ્રો છે. જેમાં ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૭૫, મહારાષ્ટ્રમાં ૫૫, ઓડિશામાં ૫૧ કેન્દ્રનો સમાવેશ થાય છે.



વર્ષ ૨૦૨૪-૨૪માં નશામુક્તિ કેન્દ્રમાં સૌથી વધુ દ્વારા સારવાર લેવામાં આવી હોય તેવા રાજ્યમાં મધ્ય પ્રદેશ ૭૮,૧૫૯ સાથે મોખરે, ઉત્તર પ્રદેશ ૭૪,૯૪૫ સાથે બીજા, રાજસ્થાન ૫૨,૯૧૭ સાથે ત્રીજા સ્થાને છે.

સમગ્ર દેશમાંથી એક વર્ષમાં ૬.૦૬ લાખ લોકોને નશામુક્તિ કેન્દ્રમાં સારવારની જરૂર પડી હતી. જાણકારોના મતે, આ માત્ર સરકારી નશામુક્તિ કેન્દ્રો છે. ખાનગી નશામુક્તિ કેન્દ્રનો આંકડો લેવામાં આવે તો સારવાર લેનારાનો આંક હજુ ઊંચે જઈ શકે છે.ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦માં નશામુક્તિ કેન્દ્રમાં સારવાર લેનારાઓની સંખ્યા ૧૬૦૮ હતી. જેમાં હવે ૧૦ ગણોથી વધુનો વધારો થયો છે. નશામુક્તિ કેન્દ્રમાં સારવાર લેનારાઓની વધતી સંખ્યાને પગલે કેન્દ્ર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટમાં પણ વધારો જોવા મળ્યો છે. ૨૦૨૧-૨૨માં રૂપિયા ૨.૩૫ કરોડ,૨૦૨૨-૨૩માં રૂપિયા ૨.૫૩ કરોડ, ૨૦૨૩-૨૪માં રૂપિયા ૩.૧૧ કરોડ જ્યારે ૨૫મી નવેમ્બર ૨૦૨૪ સુધી રૂપિયા ૭૦ લાખની ગ્રાન્ટ મળી છે.

## ગામમાં અડધા ભાગના લોકોનું સર્વે કરાયું, સાચા લાભાર્થીઓ રહી જતા પ્રાંત કલેક્ટર અને ટીડીઓને આવેદનપત્ર આપી સર્વે કરવા રજુઆત કરી

# સોનેથ ગામના PMAY યોજનાના સર્વેથી વંચિત અરજદારોએ આવેદનપત્ર આપ્યું

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૭

જરૂરિયાત મંદ દરેક નાગરિકોને ઘરનું ઘર મળે તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા **PMAY,** પંડિત દીનદયાળ આવાસ યોજના, સહિત અનુ.જાતિ સમાજ માટે પણ અલગથી મકાન સહાય યોજનાઓ કાર્યરત છે,જેમાં લાભાર્થી યાદીમાં રહી ગયેલા લોકો માટે સરકારશ્રી દ્વારા સ્થળ પર સર્વે કરવા માટેની ઓનલાઈન સિસ્ટમથી સર્વે કરવામાં આવી રહ્યું છે.

જોકે સરહદી સુઈગામ તાલુકાના સોનેથ ગામમાં સર્વે કરનાર તલાટી કમ મંત્રીની મનમાનીના કારણે ગામમાં ૫૦થી વધુ લોકોનું સર્વે કરવાનું બાકી રહી ગયું છે.

હજુ ઓનલાઈન સર્વે થઈ શકે તે માટે વેબસાઈટ ચાલુ હોવા છતાં તલાટી દ્વારા ઓનલાઈન બંધ થઈ ગયુ હોવાનું જણાવતાં મંગળવારે સોનેથ ગામના ૫૦ થી વધુ અરજદારો કે જેમને રહેવા માટે પાકા મકાન નથી,કેટલીક વિધવા મહિલાઓ અને અરજદારો હાલે પણ ઝુંપડામાં જીવન ગુજારે છે, તેવા સાચા જરૂરિયાત મંદ અને મકાન સહાયના ક્રાઈટેરિયામાં આવતા અરજદારોનું સ્થળ તપાસ કરી સર્વે નહીં કરાતાં સુઈગામ પ્રાંત કલેકટર અને તાલુકા વિકાસ



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

### સર્વેથી વંચિત રહેશે તો કોર્ટમાં જઈશું...

**આ અંગે ગામ અગ્રણી રણજીતસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના સર્વેમાં ૫૦ ટકા જેટલું સર્વે થયેલ છે,જોકે મજૂર વર્ગ,ખેડૂત સહિતના જરૂરિયાતમંદ લોકો ખરેખર સર્વેથી બાકાત રહી ગયેલા છે, તલાટી ગામના માણસોને બોલાવી ખેતરોમાં ફરે છે, પૂરું સર્વે કર્યું નથી,ગામમાં પૂરું સર્વે થાય તે માટે રજુઆત કરી છે, અને સર્વેની કામગીરીની સમય મર્યાદા વધારવાની રજુઆત કરાઈ છે, છતાં તલાટી કમ મંત્રીની બેદરકારીથી જો કોઈ સર્વે કર્યા વગરના અને મકાન સહાય ના લાભથી વંચિત રહેશે તો ગ્રામજનોને સાથે રાખી અમારે કોર્ટ કાર્યવાહી કરવાની થાય તો પણ કરીશું.કેમકે નાના માણસો જે લાભ લેવાને પાત્ર છે,એ બાકાત રહી ગયા છે,**

### જે પાત્ર છે,એમનું સર્વે થયું નથી

**ગામમાં કાચા અને ઝૂંપડામાં રહેતા લોકોનું મકાન સહાયના સર્વે કરવામાં આવ્યું નથી,૫૦% જેટલા લોકો રહી ગયા છે,એમનું સર્વે થાય અને આવાસ યોજનાનો લાભ મળે તે માટે આજે ગ્રામજનો સુઇગામ પ્રાંત કલેક્ટર અને ્ર્રીને આવેદનપત્ર આપી રજુઆત કરી છે.**

અધિકારીને રૂબરૂ મળી આ અંગે રજુઆત કરી હતી, જે અંગે સુઈગામ ટી.ડી.ઓ વંદનાબેન દેસાઈએ તલાટી કમમંત્રીને સર્વેથી વંચિત રહી ગયેલા ગ્રામજનોનું સર્વે કરવા સૂચના આપી હતી.

## મધ્ય ઝોન બાસ્કેટબોલમાં અમદાવાદની ટીમ ચેમ્પિયન

# હિંમતનગરમાં યોજાયેલી સ્પર્ધામાં બનાસકાંઠાની ટીમ રનર્સ અપ, બંને ટીમો રાજ્યકક્ષાએ રમશે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ-૩ અંતર્ગત મધ્ય ઝોનકક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.




તમામ વયજૂથના ભાઈઓ અને બહેનો માટે યોજાયેલી આ સ્પર્ધામાં મધ્ય ઝોનની કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. ખેલાડીઓએ પોતાની રમત કૌશલ્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. રસાકસીભર્યા મુકાબલાઓ બાદ અમદાવાદ સિટીની ટીમે ચેમ્પિયનશીપ જીતી હતી, જ્યારે બનાસકાંઠાની ટીમ રનર્સ અપ રહી હતી. વિજેતા બંને ટીમો હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં પોતાનું પ્રતિનિધિત્વ કરશે.

સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને વાલીઓએ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા રમત-ગમત અધિકારી, જિલ્લા રમત વિકાસ અધિકારી સહિત અનેક મહાનુભાવો અને રમતવીરો હાજર રહ્યા હતા. આ સ્પર્ધાએ યુવા ખેલાડીઓમાં રમત-ગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.



## સંક્ષિપ્ત સમાચાર

### બજેટમાં રાજ્યમાં કેન્દ્રની તર્જ પર સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની જાહેરાત થશે

ગાંધીનગર,તા.૧૮

કેન્દ્રીય બજેટ તો રજૂ થઈ ગયું છે, ત્યારે ગુજરાતીઓની નજર ગુજરાતના બજેટ પર છે. ગુજરાત રાજ્યનું બજેટ કેવુ હશે, તેમાં કોના માટે કેવી કેવી જાહેરાતો થશે તે જાણવામાં ગુજરાતીઓને રસ છે. રાજ્ય સરકાર નવા બજેટમાં મહત્વની જાહેરાત કરશે. ગુજરાતના આગામી બજેટ પર મુખ્યમંત્રીની મહોર લાગી ગઈ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુ દેસાઈની આખરી બેઠક કરી હતી

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં કેન્દ્રની તર્જ પર સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની જાહેરાત થશે. સુરત ઈકોનોમિક ઝોનની તર્જ પર અન્ય ચાર ઝોનમાં ઈકોનોમિક ઝોનની જાહેરાત થશે. ઉદ્યોગોની સ્થાપના માટે નવી જાહેરાતો રાજ્ય સરકાર કરશે.

આ ઉપરાંત નવાં બજેટમાં ટૂરિઝમ સેક્ટર પર સરકાર ફોકસ કરશે. ટૂરિઝમ પર ફોકસ કરવા નવી જાહેરાતો રાજ્ય સરકાર કરી શકે છે. ઈવેન્ટ બેઝ ટૂરીઝમ સેક્ટર સમાવવા માટે સરકાર કંઈક નવું લાગશે. તેમજ રાજ્ય સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કરવા નવી જાહેરાત કરશે. રોડ રસ્તાઓ અને વાહનવ્યવહાર સહિત નવા પ્રોજેક્ટની સરકાર જાહેરાત કરી શકે છે.

જાણવા મળ્યું કે, શહેરી વિકાસ વિભાગમાં પણ નવા વિકાસના કામોનો સમાવેશ કરાશે. નવી બનાવેલી મહાનગરપાલિકાઓ બાબતે પણ સરકાર જાહેરાત કરી શકે છે. નવી મહાનગરપાલિકાના વિકાસ કામોને નવા બજેટમાં સમાવેશ કરાશે. રાજ્ય સરકાર નવી ભરતીઓ વિકાસના કામો પર ભાર મૂકાશે. નવા બજેટમાં ગત વર્ષ કરતા ૧૦ ટકા વધુ હશે.

આમ, ગુજરાતના આગામી બજેટ પર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની મહોર લાગી ગઈ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુ દેસાઈની આખરી બેઠક પૂર્ણ થઈ છે. જેમાં બજેટ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેની જાહેરાત બજેટ દિવસે કરવામાં આવશે.

### સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

ગુજરાતના ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમના ઉત્પાદનો ના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી, વર્ષ ૨૦૨૪-૨૫ માં ચણા અને રાયડાની ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજ્ય સરકારશ્રી મારફત કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ચણા પાક માટે રૂ. ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાની પાક માટે રૂ.૫૯૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવેલ છે. ટેકાના ભાવ કરતા બજારભાવ નીચા જાય ત્યારે ભારત સરકારશ્રીની પીએમ આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પીએસએસ હેઠળ રાજયમાં ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના તમામ જિલ્લાઓમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવા તા.૧૮.૦૨.૨૫ થી તા.૦૯.૦૩.૨૦૨૫ (દિન-૨૦) સુધી ખેડૂતોની ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ફઝઈ મારફતે વિના મૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે. રાજ્યના ચણા અને રાયડો પકવતાં ખેડુતભાઈઓએ લાભ લેવા અનુરોધ છે. વિવિધ ખરીદ કેન્દ્રો પર રાજ્યમાં ચણા અને રાયડાની ખરીદી તા.૧૪.૦૩.૨૦૨૫ના રોજથી કરવાનું સુચિત છે.રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડા પાકની ખેડુતો પાસેથી પુરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે સરકારશ્રીએ તમામ આગોતરૂ આયોજન હાથ ધરેલ છે એમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અનીષભાઈ ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ગુમનામ યુવતીની ભાળ મળે પોલીસ સ્ટેશનમાં જાણ કરવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૭

મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ તારીખ સાત ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલ છે. જે પ્રમાણે મહેસાણા એ-૨૦૧ , શ્રીજી શરણમ ફલેટ, ઊચરપી રોડ ,તાલુકો- જીલ્લો મહેસાણા ના શિલ્પાબેન ઉમેદભાઈ ચતુરભાઈ રાવળ ઉંમર વર્ષ-૨૯ , વહેલી સવારે ૧૦ : ૦૦ વાગે ઘરે થી રંગોલી પાર્લર ખાતે પૈસા આપવા જવાનું કહીને નીકળેલ છે. તે આજદિન સુધી પરત ફરેલ ના હોય આ અંગે કોઈ જાણ મળે તો પોલીસ સ્ટેશનને જાણ કરવી. તારીખ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સવારે આશરે ૧૦ વાગ્યે ઘરેથી નીકળેલ છે. તેની શોધખોળ કરતા આજની સુધી કોઈ પત્તો કે ભાળ મળેલ નથી. પાંચ ફૂટ બે ઈંચના તેમજ લાલ રંગ નું ડ્રેસ કાળા કલરની લેંગી પહેરેલો શરીરને મધ્યમ બાંધાના રંગ વર્ણની, લંબગોળ મોઢુ ધરાવનાર શિલ્પાબેનની ભાળ મળે તો તાત્કાલિક મહેસાણા શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ફોન નંબર- ૦૨૭૬૨-૨૩૬૪૭૪ પર જાણ કરવી એમ અ. હેડ કોન્સ્ટેબલ રહીશખાન રફીકખાને અખબારી યાદીમાં જણાવેલ છે.

### કાશ્મીરના લોકો ચૂપ છે પણ તેનો અર્થ એ નથી કે બધું બરાબર છે,મહેબૂબા મુફ્તી

શ્રીનગર,તા.૧૮

જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડા મહેબૂબા મુફતીએ જમ્મુ સરકાર તેમજ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે સરકાર સત્તામાં આવી તે પહેલાં જમ્મુ-કાશ્મીરના લોકો વિચારી રહ્યા હતા કે સરકાર સત્તામાં આવ્યા પછી અહીં બધું સામાન્ય થઈ જશે, પરંતુ એવું કંઈ થઈ રહ્યું નથી. આજે પણ પરિસ્થિતિ પહેલા જેવી જ છે.પીડીપીના વડાએ કહ્યું કે લોકો અપેક્ષા રાખતા હતા કે જ્યારે સરકાર બનશે ત્યારે કર્મચારીઓની છટણીમાં ઘટાડો થશે, પરંતુ એવું કંઈ થયું નહીં. જે ત્રણ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા હતા. તેમાંથી એક કોન્સ્ટેબલ ફિરદોસ હતો, જે આતંકવાદી હુમલામાં ઘાયલ થયો હતો અને તેના શરીર પર ૮૫ ટાંકા આવ્યા હતા. આ પછી પણ તેમને બરતરફ કરવામાં આવ્યા.

મહેબૂબા મુફતીએ કહ્યું કે હું સીએમ ઓમર અબ્દુલ્લાને ૨૦૧૯ માં સંસદમાં લેવાયેલા નિર્ણય વિશે પૂછી રહી છું અને શું તેઓ તેને મંજૂરી આપશે? જો આવું થશે, તો કલમ ૩૭૦ અને ૩૫છ માટે આપણો કેસ નબળો પડી જશે. જમ્મુ અને કાશ્મીરમાં કંઈ સામાન્ય નથી, કાશ્મીરના લોકો ચૂપ છે પણ એનો અર્થ એ નથી કે કાશ્મીરમાં પરિસ્થિતિ સામાન્ય છે.

Volume : 10 Issue : 318 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002